# સોશિયલ મીડિયા.કોમ

### સુખદ અંત

હઝરત મોહમ્મદ એમના ઘરેથી જ્યારે નીકળતા તો રોજ એમનો એક પાડોશી એમના ઉપર ઘરના છાપરા પર રાખેલ કચરો ફેંકતો. હકીકતમાં તે કોણ જાણે કેમ એમના ઉપર નફરત કરતો હતો. પણ મોહમ્મદ સાહેબ કશું ન કહેતા. તેઓ એક નજર એના પર નાખતા અને હસીને આગળ ચાલ્યા જતા.

એમની આ રીતથી તે વધુ ચિડાતો. તે પણ એની જીદ પર મક્કમ હતો. જોઈએ છે કે છેવટે આ વૃદ્ધ ક્યાં સુધી સહન કરે છે ? આ પરંપરા લાંબો સમય ચાલતી રહી. ન તો મહમ્મદ સાહેબને કદી ગુસ્સો આવ્યો કે ન પાડોશીની નફરત કંઈ ઓછી થઈ.

પણ એક દિવસે આ ક્રમ તૂટ્યો. જ્યારે મોહમ્મદ સાહેબ એ ગલીમાંથી પસાર થયા અને એમના ઉપર કચરો ન પડ્યો, તો એમણે છાપરા તરફ જોયું. પાડોશી હાજર ન હતો. એટલે એમણે બીજા પાડોશીઓ મારફત એની તપાસ કરાવી. જાણવા મળ્યું કે રાતથી જ એની તબિયત સારી નથી. માંદો પડ્યો છે.

મોહમ્મદ સાહેબ ઉપર ગયા. પાડોશીની ખબર પૂછી અને એની તંદુરસ્તી માટે ત્યાં જ બેસીને અલ્લાહની બંદગી કરવા લાગ્યા. આ બધું જોઈને તો પાડોશી પરેશાન થઈ ગયો. તે મોહમ્મદ સાહેબના પગમાં પડ્યો અને પોતાની ભૂલ માટે માફી માગવા લાગ્યો.

મોહમ્મદ સાહેબ કંઈ પણ બોલ્યા વિના એને ભેટી પડ્યા અને આ રીતે વર્ષોથી ચાલતી પેલી નફરતનો સુખદ અંત આવ્યો. પાડોશી મોહમ્મદ સાહેબનો શિષ્ય બની ગયો હતો. જીવનભર તે એમનાં ગુણગાન ગાતો રહ્યો.

●

### નિઝામને શરમ આવી

મદનમોહન માલવિયાના જીવનનો આ પ્રસંગ છે. એ સમયે તેઓ કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય માટે દાન લેવા માટે હૈદ્રાબાદના નિઝામ પાસે ગયા હતા. નિઝામે એમને કંઈ પણ મદદ કરવાની ઘસીને ના પાડી દીધી, પણ માલવિયાજી પણ એટલી જલ્દી હાર સ્વીકારે તેવા ન હતા, તેઓ મોકાની રાહ જોતા હતા.

સંજોગોવશાત એ સમયે એક શેઠનું મૃત્યુ થયું. ધામધૂમ સાથે એમની શબ-યાત્રા નીકળી. શબયાત્રામાં એમના ઘરનાઓ પૈસાનો વરસાદ વરસાવતા ચાલી રહ્યા હતા. માલવિયાજીને એક વિચાર આવ્યો અને તેઓ પણ આ શબયાત્રામાં જોડાયા અને પૈસા એકઠા કરવા લાગ્યા.

આ મહામાનવને આવું કરતા જોઈને લોકોને આશ્ચર્ય થયું. એક મિત્રે પૂછ્યું, 'માલવિયાજી આપ ! આપને આવું કરવાનું આ શું સૂઝ્યું ?

માલવિયાજીએ તરત જ કહ્યું : 'ભાઈ, શું કરું ? તમારા નિઝામે કંઈ પણ આપવા માટે ના પાડી દીધી અને ખાલી હાથે જ્યારે બનારસ પહોંચીશ તો લોકો પૂછશે કે હૈદ્રાબાદથી શું લાવ્યા ? તો એમ કહું કે ખાલી હાથે આવ્યો ? ભાઈ, એ તો દરેકને માટે શરમની વાત છે. નિઝામનું દાન નહીં તો શબયાત્રાનું સહી.'

વાત ફેલાતાં ફેલાતાં નિઝાલ સુધી પહોંચી. આ સાંભળીને નિઝામ ખૂબ જ શરમિંદા થયા. પછી જાતે આવીને માલવિયાજીની માફી માગી અને વિશ્વવિદ્યાલય માટે એમણે મોટું દાન આપ્યું.

●

### હાજરજવાબ

એક ભોજન સમારંભમાં અંગ્રેજોનાં વખાણ કરતાં એક અંગ્રેજે કહ્યું, 'ઈશ્વર અમને અંગ્રેજોને ખૂબ જ ચાહે છે. એમણે અમારું નિર્માણ ખૂબ જ મહેનત અને પ્રેમથી કર્યું છે. એ કારણે જ અમે ગોરા અને સુંદર છીએ.'

એ સમારંભમાં ડૉ. રાધાકૃષ્ણન્ પણ ઉપસ્થિત હતા. એમને આ વાત ન ગમી. એટલે એમણે હાજર રહેલા મિત્રોને એક મજાકનો પ્રસંગ કહ્યો.

'દોસ્તો, એકવાર ઈશ્વરને રોટલી બનાવવાનું મન થયું. એમણે જે પહેલી રોટલી બનાવી તે જરા ઓછી શેકાઈ. પરિણામે અંગ્રેજોનો જન્મ થયો. બીજી રોટલી કાચી ન રહે તેથી ભગવાને એને વધુ વાર શેકી અને તે બળી ગઈ. એમાંથી નિગ્રો લોકો પેદા થયા. પણ આ વખતે ભગવાન સચેત બની ગયા. તે ધ્યાનથી રોટલી શેકવા લાગ્યા. આ વખતે જે રોટલી શેકાઈ તે ન તો વધુ કાચી હતી કે ન વધુ શેકાયેલી. બરાબર શેકાયેલી હતી અને એના પરિણામ સ્વરૂપ અમે ભારતીયોનો જન્મ થયો.

આ પ્રસંગ સાંભળી પેલા અંગ્રેજનું માથું શરમથી ઝૂકી ગયું. અને બાકીનાનાં તો હસીહસીને પેટ દુખ્યાં.

●

### શાપ

એ દિવસોમાં આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયમાં 'રેકટર' તરીકે હતા. એક દિવસ વિદ્યાર્થીઓએ એમની કોઈ માગણીના કારણે એમણે ઘેરી લીધા અને પોતાની વાત સ્વીકારવા માટે જીદ કરવા લાગ્યા. કેટલાક વિદ્યાર્થીઓએ તો 'હુરિયો' પણ બોલાવવા માંડ્યો.

દ્વિવેદીજી એ બધાને શાંત પાડતાં એમનું ટૂંકું પ્રવચન આપ્યું અને છેવટે કહ્યું : 'તમે વગર કારણે મારી અવગણના કરી છે. એટલે હું તમને શાપ આપું છું કે તમારામાંથી દરેક કોઈ આ જન્મમાં અથવા આગલા જન્મમાં કોઈને કોઈ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર જરૂર બને.'

આ સાંભળીને બધા વિદ્યાર્થીઓ હસી પડ્યા, અને જોતજોતામાં ઉશ્કેરાટ શમી ગયો. વિદ્યાર્થીઓએ પોતાની ભૂલ સ્વીકારી અને આચાર્ય સાહેબે ક્ષમા આપીને બધાને ખુશ કરીને વિદાય કર્યા.

●

### નિર્બળ મનોબળ

સુપ્રસિદ્ધ હિન્દી કવિયત્રી મહાદેવી વર્માના શરૂઆતના દિવસોનો પ્રસંગ છે. એકવાર એમના મનમાં બૈદ્ધ ભિક્ષુણી બનવાનો વિચાર આવ્યો પણ છેવટની ઘડીએ એમનો વિચાર બદલાઈ ગયો, આમ કેમ બન્યું એ એમના જ શબ્દોમાં સાંભળીએપ..

ત્યારે હું કૉલેજના પ્રથમ વર્ષમાં ભણતી હતી. મનમાં વિચાર આવ્યો કે ભિક્ષુણી બની જાઉં. મેં લંકાના બૌદ્ધ-વિહારમાં પત્ર લખ્યો. એમને જણાવ્યું કે હું ભિક્ષુણી બનવા માગું છું. દીક્ષા માટે લંકા આવું કે આપના કોઈ ભિક્ષુ ભારત આવશે ?

એમણે જવાબ આપ્યો : 'અમે ભારત આવીએ છીએ. નૈનીતાલમાં રોકાઈશું. તમે ત્યાં આવીને મળો.' મેં ભિક્ષુણી બનવાનો નિશ્ચય કરી લીધો. મારી બધી મિલ્કત દાન કરી દીધી. જ્યારે નૈનીતાલ પહોંચી અને જ્યારે જોયું તો ત્યાં અંગ્રેજો જેવો ઠાઠમાઠ છે, મને થયું — આ કેવો ભિક્ષુ છે. ભાઈ, આવો જ ઠાઠમાઠ રાખવો હોય તો ભિક્ષુ શા માટે બનવું ? ખેર, તો પણ હું ગઈ.

સિંહાસન પર ગુરુજી બેઠા હતા. એમણે ચહેરાને પંખાથી ઢાંકી રાખ્યો હતો. એમને જોવા હું આગળ વધી. એમણે મ્હોં ફેરવી ફરી ચહેરો ઢાંકી દીધો. હું જોવાનો પ્રયત્ન કરતી અને તે ચહેરો ઢાંકી દેતા. કેટલીયે વાર આમ બન્યું અને અમને ગુરુનો ચહેરો જોવા ન મળ્યો. જ્યારે મંત્રીવર અમને વળાવવા બહાર સુધી આવ્યા, ત્યારે અમે એમને પૂછ્યું : 'ગુરુજી મ્હોં પર પંખો કેમ રાખે છે ?'

એમણે જવાબ આપ્યો : 'તે સ્ત્રીનું મ્હોં જોતા નથી.'

મેં મારા સ્વભાવ પ્રમાણે એમને સ્પષ્ટ કહી દીધું, 'જુઓ, આવી નિર્બળ વ્યક્તિને અમે ગુરુ નહીં બનાવીએ. આત્મા ન તો સ્ત્રી છે, ન તો પુરુષ. ફકત માટીના શરીરને જ આટલું મહત્વ કે આ જોવાય અને આ ન જોવાય ?'

પછી હું પાછી આવી. એમના ઘણા પત્રો આવ્યા, વારેવારે પુછાવતા — 'આપ ક્યારે દીક્ષા લેશો ?'

મેં કહ્યું : 'હવે શું દીક્ષા લઈએ. આવા નિર્બળ મનોબળવાળા અમને શું આપશે ?'

અને આ રીતે મહાદેવીજી બૌદ્ધ ભિક્ષુણી બનતાં બનતાં રહી ગયાં, અને મહાદેવીના રૂપમાં હિન્દી જગતને મળ્યો છાયાવાદનો એક મહાન સ્તંભ.

- યશવંત કડીકર

# શેઠ સી એમ સ્કૂલમાં કારકિર્દી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિશ્વવિદ્યાલ સંચાલિત શેઠ સી એમ શાળામાં કારર્કિદી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત નિબંધ સ્પર્ધામાં પટેલ કુશલ પ્રકાશભાઈએ QDC લેવલે પ્રથમ સ્થાન મેળવી SVS કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે.

શાળામાં કારર્કિદી સપ્તાહ આયોજન અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રજાપતિ દેવમે વક્તૃત્વ સ્પર્ધામાં શાળા લેવલે પ્રથમ સ્થાન મેળવીને QDC લેવલે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલુ છે. શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધા યોજાઈ જેમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી QDC કક્ષાએ દંતાણી પ્રિન્સે સ્વચ્છતા અભિયાન અંતર્ગત નિબંધલેખનમાં પ્રથમ સ્થાન મેળવી SVS કક્ષાએ ભાગ લીધેલ. તેમજ વકૃત્વ સ્પર્ધામાં મહેતા ધ્યાનમે બીજુ સ્થાન QDC કક્ષાએ મેળવેલ. આ અંગે દશરથભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, અશોકગીરી ગોસ્વામી તેમજ લાભુભાઈ દેસાઈએ સુંદર કામગીરી બજાવેલ હતી.

શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં શાળાના આચાર્યા ડૉ. ચેતનાબેન બૂચે વિદ્યાર્થીઓને રોજગારલક્ષી તેમજ વિવિધ અભ્યાસક્રમને લગતી માહિતી આપેલ હતી તેમજ શાળાના શિક્ષકમિત્રોએ પણ કારકીર્દિને લગતી માહિતી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા દ્વારા

# આજથી ભૂમધ્યરેખીય એરોનોમી વિષયે આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિ

### લગભગ ૫૦ વર્ષ બાદ પીઆરએલ, અમદાવાદને સંગોષ્ઠિની યજમાનીની તક મળી

ગાંધીનગર, તા. ૨૧

ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા, અમદાવાદ દ્વારા ભૂમધ્યરેખીય એરોનોમી પર ૧૫ મી આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિનું (ISEA-15) આયોજન કરવામાં આવ્યું છે. આ સંગોષ્ઠી ૨૨ થી ૨૬ ઓક્ટોબર ૨૦૧૮ દરમિયાન યોજાશે. આ પહેલા ત્રીજી ISEA સંગોષ્ઠિનું આયોજન પ્રો. વિક્રમ સારાભાઈના નેતૃત્વમાં ૧૯૬૯માં કરવામાં આવ્યું હતું. લગભગ ૫૦ વર્ષ બાદ પીઆરએલ ફરી વખત પ્રોફેસર સારાભાઈના જન્મની સો વર્ષની ઉજવણી દરમિયાન તેનું આયોજન કરી રહ્યું છે. કોમ્યુનીકેશન અને નેવિગેશનમાં મહત્વના એવા ઉપરી વાતાવરણના અભ્યાસમાં ભૂમધ્યરેખીય એરોનોમીના સંશોધનો મહત્વનો ભાગ ભજવે છે. સોલાર તોફાનોને કારણે ઉપરી વાતાવરણની પ્રક્રિયામાં ફેરફારો થતા હોય છે. ભારતીય અવકાશ વિજ્ઞાન સમુદાય આ ક્ષેત્રે મહત્વના સંશોધનો કરી રહ્યું છે.

આ સંગોષ્ઠીના બે મહત્વના સત્રો દરમિયાન ભારતની અવકાશ ક્ષેત્રે યાત્રા, ભૂમધ્યરેખીય એરોનોમી ક્ષેત્રે સંશોધનની સમસ્યાઓ, ભારતમાં થયેલા એરોનોમી સંશોધનો વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# તાપી જિલ્લામાં શિક્ષણસેવા કાર્ય





ગાંધીનગર શહેરની જાણીતી સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના સોગઢન તાલુકામાં કોન્સ્ટેબલની ભરતી માટે ૧૨૫ જેટલા યુવાઓને ૭ દિવસ વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી હતી. આ યુવાઓ સાથે સંસ્થા દ્વારા સતત સંપર્ક પણ જાળવી રાખવામાં આવ્યો છે અને નિયમિત મહિનામાં બે વખત તેમના માટે પરીક્ષાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. સ્થાનિક સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજના આચાર્ય દ્વારા આ સેવાકાર્યમાં સક્રિય સહયોગ આપવામાં આવી રહ્યો છે.

## ૨૦૧૭માં ૫૦ હજાર ભારતીયોએ અમેરિકાનું નાગરિકત્વ મેળવ્યું


ગાંધીનગર, તા. ૨૧

અમેરિકાએ વર્ષ ૨૦૧૭માં ૫૦ હજારથી વધુ ભારતીયોને અમેરિકાનું નાગરિકત્વ આપ્યું છે. જે ૨૦૧૬ની સરખામણીએ ચાર હજાર વધારે છે. આંતરિક સુરક્ષા વિભાગે પોતાના રિપોર્ટમાં કહ્યું કે ૨૦૧૭માં ૫૦,૮૦૨ ભારતીયોએ અમેરિકી નાગરિકતા સ્વીકારી છે. ૨૦૧૬માં અમેરિકાની નાગરિકતા લેનારાઓની સંખ્યા ૪૬,૧૮૮ હતી જે ૨૦૧૮માં ચાર હજારનો વધારો થયો છે. જ્યારે ૨૦૧૫ની સરખામણીએ અમેરિકાનુ નાગરિક્તવ લેનારા ભારતીયોની સંખ્યા આઠ હજાર વધી છે. ૨૦૧૫માં ૪૨,૨૧૩ ભારતીયોએ અમેરિકી નાગરિતા લીધી હતી. રિપોર્ટ પ્રમાણે ૨૦૧૭માં કુલ ૭,૦૭,૨૬૫ વિદેશી નાગરિકોએ અમેરિકાનું નાગરિકત્વ સ્વીકાર કર્યું છે. નાગરિકતા મેળવનારા ભારતીયોમાંથી સૌથી વાધારે ૧૨ હજાર જેટલા લોકો કેલિફોર્નિયામાં રહે છે.

# 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'માં વધુ એક આકર્ષણનો ઉમેરો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું અનાવરણ કરવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પીએમ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર દુબઈની બુર્જ ખલિફા ઈમારતની માફક ફિલ્મ દર્શાવવામાં આવશે. આમ સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં વધુ એક આકર્ષણ ઉમેરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારે ૭૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ પણ આપી દીધો છે. જેમાં જર્મન ટેકનોલોજીથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર ફિલ્મ બતાવવામાં આવશે. હાલ દુબઈની બુર્જ ખલિફામાં દરરોજ અલગ-અલગ પ્રોજેક્શન મેપિંગથી ફિલ્મ દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત પ્રસંગોપાત વિવિધ ખાસ પ્રકારની થીમ ઉપર પણ ફિલ્મ દર્શાવવામાં આવે છે. આ જ રીતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પણ ફિલ્મ બતાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે બુર્જ ખલિફા બિલ્ડીંગ પર મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ પ્રસંગે



ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રકારે જ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પણ વિવિધ ફિલ્મ્સ પ્રદર્શિત કરવામાં આવશે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ પેહલા ભારત ભવન અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી વ્યૂ પોઈન્ટ ૧ કેવડિયા કોલોની સુધીના લગભગ ૭ થી ૮ કિ.મી. વિસ્તારને વિવિધ પ્રકારની લાઈટ અને રોશનીથી સજાવવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

સ્ટેચ્યૂની ફરતે ૩ અલગ અલગ મોટા ટાવર ઉભા કરી દેવામાં આવ્યા છે. જેમાં એક પોલ પર ૨૪ વ્હાઈટ ફેઝર જયારે સામેના પોલ પર ૫૦ થી વધુ લાઈટ લગાડવામા આવશે. એક લાઈટ ૧૦૦૦ વોટની હશે. લાઈટિંગનું કામ કરવા માટે દુબઈની ખાનગી કંપનીને ૧.૨૩ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જે ખાસ પ્રકારની લાઈટ્સ લગાવે છે. માત્ર એટલું જ નહીં, રાત્રે પ્રવાસીઓ સ્ટેચ્યૂને મન ભરીને માણી શકે તે માટે ૧૮૨ મીટર સુધી લાઈટિંગ દેખાય એવી લેસર લાઈટ નાખવામાં આવશે.

## જન્મદિને વધામણી



**આરતીબેન બાબુભાઈ નાયી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## વેપારીના અંગદાનથી પાંચ લોકોને નવું જીવન મળ્યું

ગાંધીનગર, તા. ૨૧

છેલ્લા કેટલાક સમયથી અંગદાનને લઈને લોકોમાં જાગૃતિ વધી રહી છે. તંત્ર તેમજ વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા પણ આ ભગીરથ કાર્ય માટે લોકોને પ્રેરણા આપવમાં આવી રહી છે. ત્યારે શહેરના વધુ એક ૫૩ વર્ષીય વેપારી રમેશભાઈ વાડોદરીયાના પરિવારજનોએ અંગદાનનો ઉત્તમ નિર્ણય લેતા જુદા-જુદા પાંચ દર્દીઓને નવજીવન મળશે.

રમેશભાઈ કડવાભાઈ વાડોદરીયા હાઈ બ્લડપ્રેશરનો ભોગ બન્યા હતા. સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તેમને હેમરેજ હોવાનું નિદાન થયું હતું. ત્રણ દિવસની સારવારને અંતે ડોકટરોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

# કિશોર કુમારની પ્રતિમા પશ્ચિમ બંગાળમાં સ્થપાશે

### આજે કિશોર કુમારના પુત્ર અમિત કુમારના હસ્તે કિશોર કુમાર અને એસ ડી બર્મનની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા. ૨૧

લેજંડરી પાર્શ્વગાયક કિશોર કુમાર અને એવાજ લેજંડરી સંગીતકાર એસડી બર્મનની પ્રતિમા કોલકાતામાં સ્થાપવાની યોજના આ બંનેની ફેન ક્લબે કરી હોવાની માહિતી મળી હતી.

સોમવારે ૨૨ ઓક્ટોબરે કિશોર કુમારના પાર્શ્વગાયક પુત્ર અમિત કુમારના હસ્તે કિશોર કુમાર અને એસ ડી બર્મનની પ્રતિમાનું અનાવરણ થશે એવી જાણકારી ફેન ક્લબના મહામંત્રી સુદીપ્ત ચંદ્રે આપી હતી.


કોલકાતાના મેયર આ પ્રસંગે હાજરી રહેવાના છે. અત્યાર અગાઉ ફેન ક્લબે કોલકાતાના દક્ષિણિ એવેન્યુ-કીટાલા રોડ જંક્શ પર સંગીતકાર આર ડી બર્મનની પ્રતિમા સ્થાપિત કરી હતી.

સુદીપ્તે પત્રકારોને કહ્યું હતું કે એક સમયે એસ ડી બર્મન કોલકાતાના સાઉથ એન્ડ પાર્કના ઢકુરિયા વિસ્તારમાં રહેતા હતા. આર ડી બર્મનની પ્રતિમાની બરાબર સામે આ બંને કલાકારો કિશોર કુમાર અને એસ ડી બર્મનની પ્રતિમાઓ સ્થાપિત કરાશે. કિશોર કુમારે પહેલાં લગ્ન કોલકાતાની ગુહા ઠાકુરતા સાથે કર્યા હતા. એ રીતે કિશોર કુમાર પણ કોલકાતા સાથે જોડાયેલા ગણાય એટલે એમની પણ પ્રતિમા સ્થાપિત કરાઈ રહી છે એમ ચંદ્રે વધુમાં કહ્યું હતું.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૧૦મો મણકો ॥

તો કે કે ઈસુ ખ્રિસ્તે ત્રણ વસ્તુ કહી છે કે, તમે તમારા પાડોશીને પણ તમારા જેવો જ પ્રેમ કરો (લવ ધાય નેબર એઝ ધાય સેલ્ફ), એકબીજાને પ્રેમ કરો (લવ વન અનધર), લવ યોર એનીમી (તમારા દુશ્મનનેય પ્રેમ કરો) સાંભળીને ગાંધીજી કહે, તમારી વાત કંઈ સાચી નહીં. મારે વિશે જે



કહ્યું તે સાચું નહીં. પેલીને એમ થયું કે હું તો ગાંધીજીની ઈસુ ખ્રિસ્તને સાથે સરખાવી રહી છું ને આ કે છે કે વાત સાચી નહીં. શું છે શું ? ના ના. આ તમે જે ત્રીજી વાત કરી તે મને મંજૂર નથી. શું ? આ તમે તમારા દુશ્મનને પ્રેમ કરો એ મને મંજૂર નથી. કેમ ? આઈ નો નો એનીમીઝ. હું કોઈ દુશ્મન જાણતો જ નથી. એટલે દુશ્મનને પ્રેમ કરો એ વાત મને લાગુ પડતી નથી. એ સ્વીકારવા જ તૈયાર ન હતા. કારણ કે એ એમ માનતા કે દરેકે દરેકની અંદર કંઈક સત્ તત્ત્વ છે.

ગાંધીની સત્‌નિષ્ઠા - માનવતા અને સૃષ્ટિ છેવટે કલ્યાણની દિશામાં જઈ રહી છે એ શ્રદ્ધા અને માનવમાત્રમાં કંઈક ને કંઈક સારું તત્ત્વ છે એ બીજી શ્રદ્ધાની ઉપર આધારિત ગાંધીની એ શ્રદ્ધા હતી આ એનું એક બીજું લક્ષણ એ આપણે સમજવું જોઈએ.

અમે શિમલામાં હતા, ૧૯૩૯માં. બીજા વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો હતો અને વાઈસરૉય તરફથી એવું જાહેર કરવામાં આવ્યું હતું કે યુદ્ધમાં ભારત સાથીરાજ્યોની સાથે છે. કારણ કે ઇંગ્લેન્ડે આ લડાઈની શરૂઆત કરેલી ને હિન્દુસ્તાન તો તેનો ગુલામ દેશ એટલે તેણે હિન્દુસ્તાન વતી જાહેરાત કરેલી. એ વખતે હિન્દુસ્તાનમાં પ્રાંતિક સ્વરાજ હતું. અને પ્રાંતિક સ્વરાજના જુદા જુદા રાજ્યો હતા. એમાં જે કોંગ્રેસના બધા રાજ્યો હતા એ લોકોએ આ સ્ટેટમેન્ટ જે હતું એમાં વાંધો ઊઠાવ્યો. એ રાજનૈતિક વાંધો કે તમે આમ કહ્યું એમાં અમને પૂછ્યું ? કોંગ્રેસે વાંધો લેતાં એમ જણાવ્યું હતું કે આ યુદ્ધ જાહેર કરતાં પહેલાં અમને પૂછવામાં આવ્યું નથી, તેના હેતુઓ જાહેર કરવામાં આવ્યા નથી. આમાંથી જે મડાગાંઠ થઈ તેની ચર્ચા કરવા ગાંધીજીને શિમલા બોલાવેલા. શિમલામાં ચર્ચા ચાલે. ગાંધીજી પોતાના મનમાં વિચાર આવે, જે સૂઝે તે કહે ને આગળ ચર્ચા ચાલે. પણ વાઈસરૉય એ રૉય નહોતો એ વાઈસરૉય હતો. એટલે એણે લંડનથી સૂચનાઓ મંગાવવી પડે. એટલે અમુક જગ્યાએ આવીને અટક્યા. તે કે છે કે હવે મારે એ વાત સમજવી હોય તો મારી પર પહેલાં ઉપરથી સૂચનાઓ આવશે પછી આપણે વાત આગળ

150 ગાંધીયાત્રા

ચલાવીશું. અને એ સૂચના લિખિત અને મહોરવાળી આવવી જોઈએ, એટલે ઓછામાં ઓછું એક અઠવાડિયું આપણી વાત સ્થગિત રાખીએ. અઠવાડિયા પછી પાછી આપણે વાત આગળ ચલાવીશું.

એટલે નારાયણભાઈ જે ગાંધીજીના સચિવના પીએ હતા. કારણ કે હું મારા પિતાશ્રીના લેખો ટાઈપ કરું ને પત્રો ટાઈપ કરું ને આવા બધા કામ કરતો'તો. એ ખુશખુશાલ. વીક ઈન શિમલા. મારે કંઈ ખાસ કામ નહોતું. રોજ નવી નવી ટોચ પર આપણે ફરવા જઈશું,મજા આવવાની. એક અઠવાડિયું ગાંધીના રાજમાં, ગાંધીના કામમાંથી રજા. મહાદેવભાઈએ પચીસ વર્ષ કામ કર્યું એમાં એક જ વાર રજા લીધી છે. રવિવાર તો કોઈ જોયો જ નથી. પણ આખા પચીસ વર્ષની જિંદગીમાં એક જ વાર રજા જે લીધી છે તે માંદગીને કારણે લીધી છે. એ માંદા હતા એટલે ગાંધીએ રજા બળજબરીથી લેવડાવેલી એટલે મળેલી. ત્યાં અમને રજા એક અઠવાડિયાની મળે એટલે ખુશખુશાલ. પણ અમારી એ ખુશી ક્ષણભંગુર નીવડી. કારણ કે તરત જ ફતવો નીકળ્યો, બિસ્તરા બાંધો. શાના બિસ્તરા બાંધો ? નીકળવાનું છે, પ્રવાસ. પ્રવાસ ? અઠવાડિયા પછી તો તમારે વાત કરવાની છે. ક્યાં નીકળવું છે ? તો કે કે કેમ વળી ? સેવાગ્રામ જવાનું છે. એટલે વર્ધા પાસેનું સેવાગ્રામ. જ્યાં તે દિવસોમાં ફેરનહીટમાં ગરમી મપાતી. ૧૨૦ અંશ ગરમી થાય. જ્યાં દિલ્હીથી પોતાની રાજધાની બદલીને વાઈસરોય શિમલા કરતા તા, ત્યાં શિમલામાંથી અમારે વર્ધા જવાનું. બે દિવસ જવામાં, બે દિવસ પાછા જવામાં, અઠવાડિયામાંથી ચાર દિવસ તો પ્રવાસમાં જાય. ત્રણ દિવસમાં ત્યાં શું મૂકેલું છે કે તમારે પાછા જવાનું ને ?.... એટલી તને સમજણ ના પડી ? ત્યાં પરચુરેય શાસ્ત્રી છે. હવે એ નામ એવું કે કંઈ કહેવાય નહીં.

તમે ગાંધીનાં ચિત્રોનું જો પ્રદર્શન જોશો તો દેખાશે કે ગાંધીજી એક કુષ્ટરોગીની સેવા કરી રહ્યા છે. એ હતા પરચુરેય શાસ્ત્રી. જે થોડાક મહિના પહેલાં સેવાગ્રામ આવ્યા. અને કોઈકે કહ્યું કે કોઈક એક ભિખારી જેવો દેખાતો માણસ આવ્યો છે અને એ કહે છે કે મારે ગાંધીજીની સાથે જ વાત કરવી છે, બીજા કોઈની સાથે વાત નથી કરવી. તો ગાંધીજીને મજા આવી કે ના ના હું આવું. તો એ ગયા ઝાંપે. ઓ હો આતો પરચુરેય શાસ્ત્રી. આપણા સાબરમતી આશ્રમમાં હતા. અને પછી હવે મારે ઘરે જવું છે એમ કહીને પાછા ગયાતા એ જ. પરચુરેય શાસ્ત્રી સંસ્કૃતના મહાપંડિત. તમે ? હા, તમારે ત્યાંથી આશ્રમમાંથી ગયા પછી મને કુષ્ટરોગ લાગુ પડ્યો - રક્તપિત્ત. તે જમાનામાં અસાધ્ય રોગ ગણાતો. આજે અસાધ્ય નથી ગણાતો. (ક્રમશઃ)




સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ